વ્યવહારમાં ઊભો થયો વિશ્વાસ...

# દૂધસાગર પત્રિકા

અંક : 3 | વર્ષ - ૪ | સપ્ટેમ્બર - ૨૦૨૪ (સળંગ અંક : ૩૮) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

# આઝાદીનો રંગ દૂધસાગરને સંગ









આઝાદ ભારતના 78 મા સ્વાતંત્ર દિન ની ભવ્યાતિભવ્ય ઉજવણી મહેસાણા દૂધ સાગર ડેરી તથા તેના તમામ એકમો ઉપર કરવામાં આવી હતી. મહેસાણા ખાતે સંસ્થાના ચેરમેનશ્રી. તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને MD તથા ED સહિત ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ, MIDFT ના વિદ્યાર્થીઓ, MR ચૌધરી સાગર સૈનિક સ્કૂલના બાળકો, બંને શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકો, દૂધસાગર કોલોનીમાં રહેતા પરિવારો તથા સિક્યુરીટી ગાર્ડના તમામ જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રાષ્ટ્રધ્વજને સલામી આપ્યા બાદ ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રીશ્રી. અમિતભાઈ શાહની ઉત્તમ કામગીરીને પરિણામે આજે દૂધ ઉત્પાદનના ક્ષેત્રમાં ભારત વિશ્વમાં પ્રથમ નંબરે પહોંચ્યું છે ત્યારે દૂધસાગર ડેરી તરીકે આપણે બધા આર્થિક રીતે મજબૂત બનીએ અને સંસ્થાની સેવા થકી દેશ સેવા કરી મોદીજીના સશક્ત ભારતના નિર્માણમાં યોગદાન આપવાની હાકલ કરી હતી.

# આઝાદીના ઉપહાર



## દૂધસાગર (મહેસાણા) ના પ્રાંગણમાં સ્વાતંત્ર દિને ૩ કરોડ ૩૧ લાખના ખર્ચે બનેલો WTP (વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ) ખુલ્લો મુકાયો



78 મા સ્વાતંત્રદિન નિમિત્તે દૂધસાગરની સુવિધામાં વધારો કરતાં સંસ્થાના વડાશ્રી.અશોકભાઈ ચૌધરી દ્વારા રૂા. 3 કરોડ 31 લાખના ખર્ચે દૂધ અને દૂધની બનાવટોમાં વાપરવા લાયક શુધ્ધ પાણીનો WTP (વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ) ખુલ્લો મુકવામાં આવ્યો હતો. 25 લાખ લિટર પ્રતિદિન મિનરલ પાણી ઉત્પાદિત કરવાની ક્ષમતા ધરાવતો આ પ્લાન્ટ હાલની જરૂરીયાત પ્રમાણે આધુનિક સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવ્યો છે. દૂધસાગર પત્રિકાના વાંચકોએ આ તબક્કે જાણવું જોઈએ કે ; અગાઉ દૂધસાગર ડેરીમાં ઈ.સ. 1960 માં **RO** પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો હતો જે લગભગ 64 વર્ષ જુનો થઈ જવાથી તેના મકાન જર્જરિત અવસ્થામાં આવી ગયા હતા. ત્યારબાદ, છેક 2007 માં સમયની જરૂરીયાત પ્રમાણે એક **RO** પ્લાન્ટ કે જેની કેપેસીટી પ્રતિદિન 10,000 લિટરની હતી. હાલમાં મહેસાણા દૂધસાગર ડેરીમાં દૂધ અને દૂધની વિવિધ બનાવટોમાં ઉત્તરોઉત્તર વધારો થઈ રહ્યો હોવાથી મિનરલ પાણીની તાતી જરૂરિયાત હોઈ આ પ્લાન્ટ સ્થાપવો અનિવાર્ય હોઈ ચેરમેનશ્રી તથા નિયામક મંડળે સૈધ્ધાંતિક મંજૂરી આપી હતી. દૂધસાગર ડેરીમાં સ્થાપિત થયેલ આ મિનરલ પાણીનો પ્લાન્ટ હાલની છેલ્લી વૈજ્ઞાનિક સંશોધન આધારિત હોવાથી દૂધ અને દૂધની બનાવટોમાં પાણી અંગેની શુધ્ધતા શત્ પ્રતિશત્ જળવાશે. આ પ્રસંગે દૂધસાગર ડેરીના નિયામક મંડળના સભ્યશ્રી. દિલીપભાઈ ચૌધરી અને રણજીતસિંહ ઠાકોર અને **MD** શ્રી. ધીરજકુમાર, **ED** શ્રી. પ્રવિણકુમાર સાથે મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરક્ષીત સાગર



## હવે
## ૫.૨૭ કરોડના ખર્ચે
## સ્થાપિત થયેલ ફાયર ફાઈટીંગ સિસ્ટમથી
## મહેસાણા દૂધસાગર ડેરી સુરક્ષિત

મહેસાણા દૂધસાગર ડેરી ખાતે રોજબરોજ હજારો વાહનો, કર્મચારીઓ અને મુલાકાતીઓની અવર-જવર રહેતી હોય છે. દૂધસાગર ડેરીના ફેક્ટરી વિભાગમાં વિવિધ મશીનરીઓ, બોઈલર, ગેસ, અગ્નિ વચ્ચે કામ ચાલતું હોય છે. ત્યારે, આપણી ડેરીને અગ્નિજન્ય અકસ્માતોથી સુરક્ષિત કરવી એ અનિવાર્ય જરૂરિયાત હતી. સરકારી નિયમોનું પાલન અને સંસ્થાના જાગૃત વહિવટદાર તરીકે આ કામ કરવું ખૂબ જ જરૂરી હોવાથી તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરીના સંપૂર્ણ સંકૂલને ફાયર ફાઈટીંગ પ્લાન્ટથી સુરક્ષિત કરી દેવામાં આવ્યો છે. લગભગ 5 કરોડ અને 27 લાખના ખર્ચે મહેસાણા દૂધસાગર ડેરીના 64 વીઘાના સંકૂલને આવરી લેતો આ પ્લાન્ટ ડેરીને ભવિષ્યના અકસ્માતોથી સુરક્ષિત રાખવા સંપૂર્ણ સૂસજ્જ છે. 24 **X** 7 અને 365 દિવસ આ ફાયર ફાઈટીંગ પ્લાન્ટની વોટર પાઈપોમાં 5 લાખ લિટર પાણી સતતના ધોરણે સ્ટોરેજ રાખવામાં આવતું હોવાથી અકસ્માતના સમયે વિજળી ના હોય તો પણ પ્રેશર સાથે પાણીનો ફલો આગને બૂઝાવવા સક્ષમ રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. દૂધસાગર ડેરીના એક-એક ખૂણાને આવરી લેતા આ ફાયર ફાઈટીંગ પ્લાન્ટનો શુભારંભ ગત 15 ઓગષ્ટના રોજ સંસ્થાના ચેરમેનશ્રીના વરદ્ હસ્તે થયો. દૂધસાગર ડેરીના વેપારની સાથે સુરક્ષા એ આપણી જ જવાબદારી છે તેવા શબ્દો સાથે શ્રી.અશોકભાઈ ચૌધરીએ જણાવ્યું કે ; મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એ 5 લાખ પશુપાલકોની માલિકીનો હોવાથી આપણા આ સંઘ સાથે જોડાયેલા તમામ નિર્ણયો આવનાર 100 વર્ષને ધ્યાનમાં રાખી કરવા પડે અને એજ દ્રષ્ટિકોણનો ઉપયોગ કરી મારા નિયામક મંડળે આ અગ્નિ શામક પ્લાન્ટ ઉભો કરવાનો નિર્ણય કર્યો હતો. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે ; આ સંસ્થા ઉપર સદા ઈશ્વરના આર્શિવાદ રહે અને કોઈ વિપદા ના આવે પરંતું, સમયસરની જાગૃતિ વિના ના ચાલી શકે અને એના જ ભાગરૂપે સ્થાપિત કરવામાં આવેલું આ સુરક્ષા કવચ આપણને બધાને મુસીબતમાં મદદ કરનાર બનશે અને તેથી આપણે હવે ડેરીની સુરક્ષાને લઈ નિરાંતની ઉંઘ લઈ શકીશું. દૂધસાગર ડેરીના તમામ પ્રોસેસીંગ પ્લાન્ટ, શીતકેન્દ્રો અને મંડળીઓ ઉપર જરૂરિયાત પ્રમાણે અગ્નિશામક સીસ્ટમ સ્થાપિત કરવી એ આપણી નૈતિક જવાબદારી હોવાથી ધીમે-ધીમે તમામ દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રને આ સુરક્ષા કવચ હેઠળ આવરી લેવામાં આવશે. આ સાથે તમામ ગ્રામીણ દૂધ મંડળીઓ પણ પોતાની જરૂરીયાત પ્રમાણે અગ્નિશામક સાધનો વસાવે તેવો આગ્રહ તેમણે આ પ્રસંગે વ્યક્ત કર્યો હતો.

**મહેસાણા દૂધસાગર ડેરીના 64 વીઘાના સંકૂલને આવરી લેતો આ પ્લાન્ટ ડેરીને ભવિષ્યના અકસ્માતોથી સુરક્ષિત રાખવા સંપૂર્ણ સૂસજ્જ છે.**

# દૂધસાગરનું બુધ્ધત્વ એટલે વૃક્ષત્વ










એકવાર હળવાશની પળોમાં વાત કરતાં આપણી સંસ્થાના ચેરમેનશ્રીએ કહ્યું હતું કે ... દૂધસાગરની શોભા એટલે અહીંની લીલોતરી !! શ્વેત દૂધ વચ્ચે લીલાંછમ ઝાડ એ વાત સાબિત કરે છે કે ; આ ભૂમિ પવિત્ર છે. આમ જોઈએ તો, વૃક્ષો પણ દૂધસાગરના આધાર સ્તંભ છે. વૃક્ષો થકી વરસાદ આવે છે અને વરસાદ એટલે પશુપાલકો અને ખેડૂતોનો તારણહાર એટલે આપણે તો બને એટલાં વધારે વૃક્ષો - કોઈપણ જાહેરાત કર્યા વિના વાવીએ એટલા ઓછા - કુદરત સાથે ચૂપચાપ વફાદારી નિભાવીએ અને વૃક્ષો વાવીએ તો એનો સીધો ફાયદો દૂધસાગરને જ મળવાનો છે ને !! ?

ગત 15 ઓગષ્ટના રોજ આઝાદીના અવસરે જેમ માણસને બુધ્ધત્વ પ્રાપ્ત થાય તેમ દૂધસાગરને વૃક્ષત્વ પ્રાપ્ત થયું . સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ આ વર્ષનું પ્રથમ વૃક્ષ શિવસાગર મહાદેવના પવિત્ર આંગણે વાવી વૃક્ષ યજ્ઞનો આરંભ કરાવ્યો. આ સાથે સંસ્થાના ડિરેક્ટર્સ શ્રી. દિલીપભાઈ ચૌધરી અને શ્રી. રણજીતસિંહ ઠાકોર તથા સંસ્થાના MD શ્રી અને ED શ્રીએ પણ "એક વૃક્ષ : દૂધસાગર માં કે નામ" કાર્યક્રમમાં વૃક્ષારોપણ કરી આ વૃક્ષોને મોટા કરવાની જવાબદારી વહોરી પૃથ્વીને હરીયાળી કરવાનો સંકલ્પ લઈ આવનાર પેઢી માટે તંદુરસ્ત વિશ્વ મુકવાનો સૌને આગ્રહ કર્યો. માત્ર 15 ઓગષ્ટના રોજ મહેસાણા ખાતે દૂધસાગર ડેરીના પ્રાંગણમાં કર્મચારીઓ દ્વારા 11385 વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું અને ત્યારબાદ ચેરમેનશ્રી અને મહેમાનો દ્વારા જગુદણ પશુ સંશોધન કેન્દ્ર ખાતે પણ વૃક્ષારોપણ કરાયું. તાજેતરમાં દૂધસાગર સાથે સંકળાયેલી તમામ દૂધ મંડળીઓ દ્વારા પણ ચોમાસું શરૂ થતાં પહેલાં વૃક્ષારોપણ અને છોડ વિતરણના કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા જેની વિગતો આપને ભૂતકાળની દૂધસાગર પત્રિકામાં આપવામાં આવી હતી. હાલમાં દૂધસાગર ડેરીના તમામ મિલ્કશેડ એરિયામાં વૃક્ષારોપણનું કામ ભૂમિ માતાના પવિત્ર યજ્ઞની આહૂતિ સ્વરૂપે પવિત્ર ભાવના અને સ્વયંભૂ ઈચ્છા શક્તિથી ચાલી રહ્યું છે. દૂધસાગર ડેરીની વિવિધ ગ્રામીણ દૂધ મંડળીઓમાં આ લખાય છે ત્યાં સુધી 95,853 વૃક્ષોના વાવેતર થઈ ચૂક્યા છે જે આગામી સમયમાં 6 લાખથી વધુ ના લક્ષાંક સુધી લઈ જવામાં આવશે.

**જેમ માણસને બુધ્ધત્વ
પ્રાપ્ત થાય તેમ દૂધસાગરને
વૃક્ષત્વ પ્રાપ્ત થયું છે**

# 6 લાખ વૃક્ષોના વાવેતર કરી શ્વેતસાગર ધરતીમાનું ઋણ ચુકવશે















વૃક્ષ એ ધરતીનો આધાર છે. વૃક્ષોને કાપી માનવ જાતીએ પોતાની સાથે આખી પ્રકૃતિ ઉપર ભયંકર સંકટના વાદળ ખડા કરી દીધા છે. આજના સમયમાં વધુમાં વધુ વૃક્ષો વાવવા તથા તેનું જતન કરવાની જવાબદારી આપણી સૌની છે. મહેસાણા દૂધસાગર ડેરી પણ આ નૈતિક જવાબદારી વર્ષોથી નિભાવતી આવી છે. આપણી સંસ્થાના વર્તમાન ચેરમેન વૃક્ષોના વાવેતરને લઈ ઉત્સાહિત વાતાવરણ ઉભું થાય તે માટે કટિબધ્ધ છે. તાજેતરમાં આઝાદીનો ઉત્સવ પણ વૃક્ષોના વાવેતરથી થાય તે માટે "જ્યાં જ્યાં દૂધસાગર - ત્યાં ત્યાં હરિયાળી" સૂત્રને સાર્થકતા આપી રહી છે. દૂધસાગર ડેરી સાથે જોડાયેલી 1503 દૂધ મંડળીઓના ગામડાઓમાં તથા દૂધસાગરના તમામ પ્લાન્ટોમાં હાલમાં વૃક્ષારોપણ ચાલી રહ્યું છે. આ વર્ષે 6 લાખથી વધુ વૃક્ષો વવાય અને તેની કાળજી રાખવામાં આવે તેવા ચેરમેનશ્રીના આગ્રહને 6 લાખ પશુપાલકોએ વધાવી લીધો છે. તા.22 ઓગષ્ટના છેલ્લા આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં 11,385 વૃક્ષોના વાવેતર થઈ ચૂક્યા છે અને સ્થાનિક ગ્રામીણ દૂધમંડળીઓના કાર્યક્ષેત્રમાં આ લીલુડી ધરતીનો વૃક્ષ અભિષેક યજ્ઞ અવિરત ચાલી રહ્યો છે. જેમાં અત્યાર સુધી 95853 વૃક્ષોનું વાવેતર થઈ ચૂક્યું છે.

| સ્થળ | વૃક્ષોની સંખ્યા |
|---|---|
| દૂધસાગર ડેરી - મહેસાણા | ૪૫૯૦ |
| દૂધસાગર ડેરી - વિહાર | ૧૫૦૦ |
| દૂધસાગર ડેરી - કડી | ૨૦૦ |
| દૂધસાગર ડેરી - પાટણ | ૨૦૦ |
| મિલ્ક ચીલીંગ સેન્ટર - હારીજ | ૧૯૦ |
| મિલ્ક ચીલીંગ સેન્ટર - ખેરાલુ | ૭૦ |
| કેટલફીલ્ડ પ્લાન્ટ - ઉબખલ | ૨૨૦ |
| કેટલફીલ્ડ પ્લાન્ટ - જગુદણ | ૧૦૫૦ |
| પશુસંશોધન કેન્દ્ર - જગુદણ | ૬૫૦ |
| દૂધસાગર ડેરી - માનેસર | ૧૫૦ |
| દૂધસાગર ડેરી - ધારૂહેડા | ૧૩૦ |
| દૂધસાગર નેશનલ ઓપરેશન્સ | ૨૪૩૫ |
| કુલ | ૧૧૩૮૫ |

વિતેલા ચાર વર્ષમાં દૂધસાગર ડેરીએ મજબૂત વૃક્ષારોપણ કર્યું છે તેના આંકડા નીચે મુજબ છે :

| વર્ષ | વૃક્ષોની સંખ્યા |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૯,૫૦૫ |
| ૨૦૨૧-૨૨ | ૧,૮૫,૦૭૬ |
| ૨૦૨૨-૨૩ | ૨,૫૪,૦૮૨ |
| ૨૦૨૩-૨૪ | ૫,૮૫,૦૦૦ |
| કુલ | ૧૦,૪૩,૬૬૩ |

# પશુ સંવર્ધન કેન્દ્ર (જગુદણ) ના અધિકારીઓને મળ્યા પોતાના આવાસ



દૂધસાગર ડેરી સંચાલિત PSK (પશુ સંવર્ધન કેન્દ્ર - સીમેન સ્ટેશન) ખાતે અહીં રાખવામાં આવેલા ઉચ્ચ ઓલાદના બુલ્સ્ (આખલા અને પાડા) ની સંભાળ રાખતા તથા અહીંની અત્યાધુનિક લેબોરેટરીમાં કામ કરતા અધિકારીઓ માટેના અગાઉના આવાસ જર્જરિત અવસ્થામાં આવી ગયા હોઈ ત્યાં રહેવું શક્ય નહોતું તેથી વર્ષોથી રાત્રી સમયે સ્પે. ડ્યૂટી ગોઠવી સમગ્ર કેમ્પસ તથા પશુઓની રક્ષા કરવામાં આવતી હતી જેના કારણે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાનું નિવારણ જલ્દીથી કરવું એવું સ્પષ્ટ માનતા સંસ્થાના વડા તથા MD શ્રીએ આ અંગે નિયામક મંડળને સમગ્ર પરિસ્થિતીનો ચિતાર આપી અહીં કામ કરતા અધિકારીઓને પોતાના આવાસ મળી રહે તે માટે ઠરાવ કરી રૂપિયા 1 કરોડ 86 લાખના ખર્ચે અત્યાધુનિક સગવડો અને ફર્નિચર સાથેના 6 ક્વાટર (નિવાસ સ્થાન) ઉભા કરવાનું કામ યુધ્ધના ધોરણે હાથ ઉપર લીધુ હતું. ગત 15 ઓગષ્ટના રોજ આ નિર્માણ પૂર્ણ થતાં સંસ્થાના ચેરમેનશ્રીએ વિધીવત રીતે નાળીયેર વધેરી અહીંના કર્મચારીઓને આ ક્વાટર સુપ્રત કર્યા ત્યારે અહીંના કર્મચારીઓમાં વર્ષો જૂની સમસ્યાનો અંત આવ્યાની ખુશી સ્પષ્ટ જોવા મળતી હતી.

# જોખમ ટળ્યું – થયુ નવું નિર્માણ





વિતેલા કેટલાક વર્ષોથી ન જાણે કેમ ? પરંતુ, જગુદણ પશુ સંવર્ધન કેન્દ્ર (PSK) ની સમસ્યાઓના ઉકેલ તરફ સંચાલક મંડળનું ઓછું ધ્યાન ગયું છે. જગુદણ સિમેન સ્ટેશન એ સમૃધ્ધ પશુધન પેદા કરવા માટેનું એક અગત્યનું કામ કરતો એકમ છે. અહીં વર્ષો પહેલાં બંધાયેલા રહેણાકના મકાનો અને પાણીનો જથ્થો પુરો પાડતી ઓવરહેડ ટાંકી જર્જરીત અને જોખમી બની જવા પામતાં બંનેનો ઉપયોગ બંધ કરી દેવો પડયો હતો. જેના કારણે અહીં રાખવામાં આવેલ ઉત્તમ કક્ષાના આખલા અને પાડા તથા લેબોરેટરી તથા કર્મચારીઓમાં જરૂરી પાણી માટે અનેક વિકટ સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. આ વાતથી વાકેફ થયેલા સંસ્થાના ચેરમેનશ્રીએ જગુદણ PSK ખાતે કર્મચારીઓના રહેઠાણ સાથે રૂપિયા 20 લાખના ખર્ચે 50 હજાર લિટરની ક્ષમતા ધરાવતી ઓવરહેડ ટાંકીનું નિર્માણ કરી PSK ને ગત 15 ઓગષ્ટના રોજ આઝાદીની ભેટ આપી હતી.



# સહયોગે પોતાની પાંખો પ્રસારી

## દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી ના વરદ્હસ્તે મહેસાણા શહેરની રાધનપુર ચોકડી ઉપર બારમી શાખાનો શુભારંભ થયો



સહયોગ એટલે વિતેલા 60 વર્ષોથી દૂધસાગર ડેરીના કર્મચારીઓ દ્વારા સહકારી ધોરણે ચાલતી એક એવી સંસ્થા જેને કોઈ ઓળખાણની જરૂર નથી ! દૂધસાગર ડેરીના સ્વાદ અને સુગંધનો પરિચય એટલે સહયોગ ! મીઠાઈની દુનિયામાં શુધ્ધતાનો જીવંત પૂરાવો એટલે સહયોગ ! ઉત્તર ગુજરાતની મીઠાઈઓની ઓળખાણ એટલે સહયોગ ! બાળકનો જન્મ થાય અને મહેસાણાથી પેંડા વિદેશ પહોંચે એનું નામ એટલે સહયોગ ! ભાખરવડી સાથે કાલાજામનો સમન્વય એટલે સહયોગ ! ક્વોલિટીમાં કોઈ કોમ્પ્રોમાઈઝ (સમાધાન) નહીં એટલે સહયોગ !!

મહેસાણા અને આ શહેરના આજુબાજુ વસતાં હજારો લોકોની લાગણી અને માગણીને ધ્યાનમાં રાખી ગત 15 ઓગષ્ટના રોજ સ્વાતંત્ર દિને દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ બી. ચૌધરી સહયોગની બારમી શાખાના પ્રથમ ગ્રાહક બની અને જેમના હાથે આ શાખાનો શુભારંભ થયો તે રાધનપુર ચોકડી (મહેસાણા) ખાતે અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરની બાજુમાં દૂધસાગર ડેરીના કોર્નર ઉપર શરૂ થતાં જ સહયોગના ચાહકોએ તેને વધાવી લેવાનો પુરાવો રક્ષાબંધનના તહેવારોમાં ભરપૂર ખરીદી કરી આપી દીધો છે. મહેસાણા શહેરમાં સહયોગની આ 12 મી શાખાના શુભારંભ પ્રસંગે સહયોગના ચેરમેનશ્રી. ફાલ્ગુનભાઈ ચૌધરીએ જણાવ્યું કે અમો સહયોગની તમામ પ્રોડક્ટસ્ ના વેચાણમાં નફાને ગૌણ અને શુધ્ધતાને મુખ્ય માનીને ચાલતી શૃંખલા છીએ. મીઠાઈમાં વપરાતું દૂધ - માવો - ડ્રાયફ્રુટ અને તમામ પ્રકારની ચીજવસ્તુઓ સૌથી બેસ્ટ ક્વોલીટીની જ વાપરીએ છીએ તેમજ ફરસાણમાં પણ તેલનો વપરાશ એક જ તાપમાને કર્યા બાદ તેનો નિકાલ કરી દઈએ છીએ ત્યારે 60 વર્ષો બાદ ગ્રાહકોના હૃદયમાં સ્થાન બનાવી શક્યા છીએ. આજે મહેસાણાથી પસાર થતા તમામ લોકો એકવાર સહયોગની મૂલાકાત લઈને જાય છે એ અમારી સાચી મૂડી છે ત્યારે મહેસાણાથી પાલનપુર અને રાજસ્થાન તરફ જતા લોકોને તથા રાધનપુર ચોકડી ઉપરના ગામડાના મુસાફરોને સહયોગનું કોઈપણ ઉત્પાદન લેવા છેક ડેરી અથવા બજાર સુધી ન જવું પડે તે માટે અહીં આ બારમી શાખાની શરૂઆત કરી છે. સહયોગની આ શાખાની શરૂઆતના પ્રથમ દિવસથી જ લોકોનો ભરપૂર પ્રેમ મળી રહ્યો છે તે અર્વણીય છે અને તેથી જ સહયોગ પોતાના ગ્રાહકોનો વિશ્વાસ અકબંધ રાખવા માટે સતત કટિબધ્ધ રહેશે તેની ખાતરી આપી હતી.

## PHOTO OF THE MONTH



મહેસાણા દૂધસાગર ડેરીના વર્ષ 2022-23 ના બીજા નંબરના સૌથી મોટા મહિલા દૂધ ઉત્પાદક શ્રીમતી. રાજીબેન ચૌધરીએ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી. ભુપેન્દ્રભાઈ પટેલને રક્ષાસૂત્ર (રાખડી) બાંધી દૂધસાગર પરિવાર વતીથી પોતાનો સ્નેહ વ્યક્ત કરી આપણું પ્રતિનિધીત્વ કર્યું એ ક્ષણનો ખુશખુશાલ ફોટો

# નેશનલ ગેમ્સમાં મળ્યા ગોલ્ડમેડલ

# મોતીભાઈ ર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલનું ગૌરવ







તાજેતરમાં ભારત સરકાર દ્વારા કર્ણાટકના બીજાપુર ખાતે આયોજીત કરવામાં આવેલી વેસ્ટ ઈન્ડિયા સૈનિક સ્કૂલ નેશનલ ગેમ્સમાં મહેસાણા દૂધસાગર ડેરી સંચાલિત મોતીભાઈ ર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલના બાળકોએ પોતાની પ્રતિભા પૂરવાર કરતાં આપણી સ્કૂલની ધોરણ - 8 માં અભ્યાસ કરતી બાળા કુમારી રોશીત્રાએ લાંબી કૂદમાં 3.97 મીટરના લોન્ગ જમ્પ સાથે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ ઉપર પોતાનું શાનદાર આધિપત્ય સ્થાપીત કર્યું હતું. ત્યારબાદ , આયોજીત થયેલી 4X100 મીટર રીલે દોડમાં આપણા વિદ્યાર્થીઓ પ્રિન્સ રાજ, સાર્થક રાક, શાહબાઝ સિદ્દીકી અને મહેશકુમાર દ્વારા આ રીલે દોડમાં સર્વોત્તમ પ્રદર્શન કરવામાં આવ્યું અને પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી તેઓએ પણ ગૌરવપૂર્ણ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. વિજેતા આ તમામ વિદ્યાર્થીઓ મહેસાણા પરત આવતાં સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને MD શ્રી. ધીરજકુમાર ચૌધરી તથા સૈનિક સ્કૂલના પ્રિન્સીપાલ શ્રી. શુક્લાજીએ તેમના મનોબળને વધારતાં ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા